# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

## બી.એડ્. અભ્યાસક્રમ – જૂન ૨૦૧૫–૧૬ થી અમલ

### (જૂન –૨૦૧૬ થી અમલમાં મુકાનાર પુનર્ગઠિત અભ્યાસક્રમ)

**દ્વિતીય વર્ષ**

**સેમેસ્ટર–૪**

કોર્સ – ૪૦૧ લૈંગિકતા, શાળા અને સમાજ (Gender, school & Society)

કોર્સ – ૪૦૨ જ્ઞાન અને અભ્યાસક્રમ (Knowledge of curriculum -2)

કોર્સ – ૪૦૩ વૈકલ્પિક કોર્સ

૪૦૩/૧ વસતી શિક્ષણ (Population Education)

૪૦૩/૨ પર્યાવરણ શિક્ષણ (Environment Education)

૪૦૩/૩ શૈક્ષણિક અને માનસિક માપન (Educational and Mental Measurement)

૪૦૩/૪ મૂલ્ય શિક્ષણ (Value Education)

૪૦૩/૫ વ્યવસાયિક શિક્ષણ (Vocational Education)

૪૦૩/૬ સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ (Health & Physical Education)

૪૦૩/૭ શાંતિ માટેનું શિક્ષણ (Education for peace)

૪૦૩/૮ માર્ગદર્શન અને સલાહસૂચન (Guidance and counseling)

ક્ષેત્રકાર્ય (Field Work)

**નોંધ :– અભ્યાસક્રમ સંદર્ભે અંગ્રજી વર્ઝનને અધિકૃત ગણવું.**

# Second Year – Sem.-4
# Course – 401
# લૈંગિકતા, શાળા અને સમાજ

**હેતુઓ :**

**પ્રશિક્ષણાર્થીઓ.....**

૧. સમાજમાંની લૈંગિક અસમાનતા પરત્વે સંવેદનશીલ થાય.

૨. લૈંગિક અસમાનતાની સર્જક સંસ્થાઓથી પરિચિત થાય.

૩. લૈંગિક અસમાનતાની શાળા અને સમાજ પર થનારી અસરો સમજે.

૪. લૈંગિક અસમાનતાની નાબૂદીની દિશામાં વિચારતા થઈ તે દિશામાં કાર્યરત્ થાય.

**એકમ : ૧ લૈંગિક અસમાનતા**

૧.૧ સંકલ્પના અને હેતુઓ

૧.૨ લૈંગિકતાનો અભ્યાસ ––

– છોકરા – છોકરીના જુદા જુદા વયગાળા દરમ્યાનના અનુભવોના સંદર્ભે

– પિતૃસત્તાવાળા કુટુંબ – જ્ઞાતિ – ધર્મ સંદર્ભે

૧.૩ નીચેના મુદાઓ સંદર્ભે લૈંગિક ભૂમિકાઓનો અને અસમાનતા નાબૂદીનો અભ્યાસ

– જન માધ્યમો (Media), ચલચિત્રો, જાહેરખબરો,ગીતો

– વિવિધ સાંસ્કૃતિક સંસ્થાઓ

– કાયદો

– રાજયના

(નોંધ : મેમન ૨૦૧૨ ના આધારે)

**એકમ : ૨ લૈંગિક અસમાનતા અને શાળાની ભૂમિકા**

૨.૧ શાળાની પ્રવર્તમાન કાર્યવાહીમાં સમાવિષ્ટ લૈંગિક અસમાનતાની નાબૂદી અંગેના તેમજ મહિલાઓની સુરક્ષાના ઉપાયો વિદ્યાર્થીઓ, શિક્ષકો, અભ્યાસક્રમ અને પાઠયપુસ્તકોના સંદર્ભે

૨.૨ વિવિધ સંસ્કૃતિઓમાં લૈંગિકતા અને જાતીયતા (Sexuality) અંગેના ખ્યાલ અને તે દૂર કરવા માટે શિક્ષકની ભૂમિકા

૨.૩ ભાવિ વિદ્યાર્થીઓ લૈંગિક અસમાનતાને પડકારવા માટેની સજજતા માટે તાલીમાર્થીઓની ક્ષમતાવૃદ્ધિ

**પ્રાયોગિક કાર્ય :**

૧. ન્યૂનતમ દશ કુટુંબોની મુલાકાત જેમાં ઓછામાં ઓછા બે સંયુકત કુટુંબ હોવા જોઈએ.

૨. ધો.૯, ૧૦ અને ૧૧ નો પાઠયપુસ્તકોની લૈંગિકતા સંદર્ભે સટીક આલોચના.

૩. લૈંગિક અસમાનતા સંદર્ભે શાળામાં થતી પ્રવૃત્તિઓનો અભ્યાસ.

૪. વિવિધ જ્ઞાતિઓના કાર્યક્રમો અને તેના આગેવાનો કોણ છે તેનો અભ્યાસ.

૫. વિવિધ ધર્મોના કાર્યક્રમો અને તેના આગેવાનો કોણ છે તેનો અભ્યાસ.

૬. ધાર્મિક પુસ્તકોમાં લૈંગિકતાનો અભ્યાસ.

૭. પંચાયત, નગરપાલિકા, વિધાનસભા અને સંસદમાં મહિલાઓના પ્રતિનિધિત્વનું પ્રમાણ અને તેમની સક્રિયતાનો અભ્યાસ.

૮. લૈંગિકતાની દ્રષ્ટિએ ચલચિત્રો અને જાહેરખબરોનો સટીક અભ્યાસ.

૯. લૈંગિક અસમાનતાની દ્રષ્ટિએ કાયદાની રચના અને તેના અમલનો અભ્યાસ.
૧૦. કુટુંબો અને ધંધામાં નિર્ણય પ્રક્રિયામાં મહિલાઓની ભાગીદારી જાણવી.
૧૧. જાતીય શિક્ષણ આપવા અંગે ઓછામાં ઓછા દશ શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ.

**ક્ષેત્રીય કાર્ય :**

૧. નજીકના વિસ્તારમાંથી ઓછામાં ઓછા પંદર કુટુંબો પસંદ કરી એ કુટુંબોમાં પાંચ વર્ષ કે તેનાથી ઓછી ઉંમરના બાળકોમાં છોકરા અને છોકરીની સંખ્યા તપાસવી અને તે ચોકકસ સંખ્યા માટે સંબંધિત કુટુંબ કરેલ પ્રયત્ન અને તે અંગેના અભિપ્રાય.
૨. વિવિધ ધર્મોમાંથી દરેક ધર્મના ચાર કુટુંબો પસંદ કરી એમના લૈંગિક સમાનતા માટેના અભિપ્રાયો જાણવા
૩. ગમે તે એક નારીપ્રધાન ચલચિત્રોનો લૈંગિક સમાનતાની દ્રષ્ટિએ અભ્યાસ.
૪. મહિલા કોર્પોરેટર /સરપંચ/ ધારાસભ્ય/સાંસદને માત્ર મહિલા હોવાને કારણે જાહેર કાર્ય કરવામાં કેટલી અનુકૂળતા કે પ્રતિકૂળતા રહી તેનો અભ્યાસ.
૫. માત્ર મહિલા જાહેર કાર્યકર કે સાહિત્યકાર હોવાને કારણે કેટલી અનુકૂળતા કે પ્રતિકૂળતા રહી તેનો અભ્યાસ.
૬. યાદચ્છ નમૂના પદ્ધતિએ પસંદ થયેલી વર્તમાનપત્રોમાં આવતી ઓછામાં ઓછી ૨૫ જાહેરાતોમાં સ્ત્રીત્વનો વિવેકપૂર્વક ઉપયોગ થયો છે કે કેમ તે તપાસવો.
૭. પસંદ કરેલી ઓછામાં ઓછી દશ સ્નાતિકાઓનો સ્નાતિકા થઈ તે દરમ્યાન માત્ર મહિલા હોવાને કારણે મા–બાપ, શિક્ષકો અને સહઅધ્યાયીઓ સાથેના અનુભવોને તપાસવા.
૮. કોઈ પણ ત્રણ સિરિયલોમાં મહિલા પાત્રને કેવું સ્થાન અને તેમની સાથે પુરુષ પાત્રનો વર્તાવ તપાસવો.
૯. કોઈ પણ ધંધાકીય, શૈક્ષણિક કે અન્ય સંસ્થાઓ કે જેમાં વીસથી વધુ કર્મચારી કામ કરતાં હોય તેવા ઓછામાં ઓછા બે એકમોમાં સમાન કાર્ય કરતાં મહિલા કર્મચારીઓ અને પુરુષ કર્મચારીઓના વેતન, નોકરી દરજજો (કામચલાઉ કે કાયમી) અને મળતી રજાઓનો અભ્યાસ.
૧૦. કોઈ પણ માધ્યમિક શાળા /શાળાઓના ઓછામાં ઓછા દશ શિક્ષકોએ છેલ્લાં પાંચ વર્ષમાં શાળામાં અને અન્યત્ર લૈંગિક સમાનતા સ્થાપવા માટે કરેલ કાર્યોનો અભ્યાસ.

**નોંધ :**

૧. ઉપર દર્શાવેલ પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યોની યાદી સૂચન તરીકેની છે તાલીમાર્થીઓ અધ્યાપકોના સર્જનાત્મક માર્ગદર્શન હેઠળ પોતાની રીતે નવા પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યો હાથ ધરી શકે છે.

## References :


(1) Unterhalther, E (2006) Measuring Gender Inequality in south Asia, London, UNICEF
(2) The Global Gender Gap Report 2013, world Economic forum, switzerland
(3) Michael G Pelete
Gender, Sexuality and body politics in modern Asia, Ann Arbor MI : Association for Asian studies, 2011
(4) Victoria A Velk off (october, 1998)
Women of the world : women's education in India U.S> Dept of Com. Retirived 25 Dec. 2006
(5) H. D. Report for 2012, U. N. Dev Projects Retrieved 31 March 2014

## કોર્સ – ૪૦૨
## સેમેસ્ટર–૪ –જ્ઞાન અને અભ્યાસક્રમ – ૨

### હેતુઓ:–
### પ્રશિક્ષણાર્થીઓ.....

૧. અભ્યાસક્રમની સંકલ્પનાને સમજે.
૨. અભ્યાસક્રમના વિવિધ અર્થઘટનો સમજે.
૩. અભ્યાસક્રમ સંરચનાના સોપાનો અને પ્રક્રિયાને સમજે.
૪. અભ્યાસક્રમના આધારોથી માહિતગાર થાય.
૫. શીખવા – શીખવવાની પ્રક્રિયામાં અભ્યાસક્રમની ભૂમિકાને સમજે.
૬. અભ્યાસક્રમ,પાઠયક્રમ અને પાઠયપુસ્તક વચ્ચેના આંતર સંબંધોને સ્પષ્ટ કરે.
૭. સમાજ નવરચનાના સંદર્ભે સહઅભ્યાસ પ્રવૃત્તિઓને મૂલવે.
૮. સત્તા (Power), સિદ્ધાંત અને અભ્યાસક્રમ વચ્ચેના અનુબંધને સમજે.
૯. સમીક્ષાત્મક પૃથક્કરણની પ્રક્રિયાથી માહિતગાર થાય.
૧૦. અભ્યાસક્રમના મૂલ્યાંકનનું કૌશલ્ય કેળવે.

**એકમ – ૧ અભ્યાસક્રમ વિકાસની પ્રક્રિયા**

૧. અભ્યાસક્રમ : સંકલ્પના અને મહત્ત્વ
૨. અભ્યાસક્રમના આધારો
૩. અભ્યાસક્રમ સંરચના સોપાનો
૪. અસરકારક રીતે શીખવા અને શીખવવાની પ્રક્રિયામાં અભ્યાસક્રમની ભૂમિકા

**એકમ – ૨ પ્રચ્છન્ન અભ્યાસક્રમ અને સમાજ નવરચના**

૧. વિવિધ સહઅભ્યાસ પ્રવૃત્તિઓ અને તેમની સમાજ નવરચના ઉપર અસર
૨. સત્તા ( Power) ,સિદ્ધાંત અને અભ્યાસક્રમ વચ્ચે આંતર સંબંધ
૩. પાઠયપુસ્તક, બાળ સાહિત્ય અને હસ્તપુસ્તિકાના સમીક્ષાત્મક પૃથકકરણ માટેની પ્રક્રિયા/ સોપાનો
૪. અભ્યાસક્રમનું મૂલ્યાંકન

### પ્રાયોગિક કાર્ય :

૧ અભ્યાસક્રમ સાથે સંકળાયેલા સામાજીક, આર્થિક, પર્યાવરણ સંબંધી સાહિત્યિક, કલા સંબંધી સંદર્ભોને અલગ તારવી એની સમીક્ષા કરવી.
૨. તાલીમાર્થીઓ ધોરણ ......... નાં પાઠયપુસ્તકનું મૂલ્યાંકન કરે.
૩. તાલીમાર્થીઓ પાઠયપુસ્તક દ્વારા સિદ્ધ થતા અભ્યાસક્રમનાં હેતુઓની સમીક્ષા કરે.
૪. પાઠયપુસ્તક સંદર્ભે શિક્ષકોના /આચાર્યોના /તજજ્ઞોના અભિપ્રાયોનો અભ્યાસ.
૫. ધોરણ ...... નાં પાઠયપુસ્તકમાં થયેલી ચિત્રાત્મક રજુઆત અને એના દ્વારા થતી હેતુ સિદ્ધિઓનો અભ્યાસ.
૬. પાઠયપુસ્તકને વધુ અર્થસભર બનાવવા માટેના વિષય તજજ્ઞો, શિક્ષકોના અભિપ્રાયો.
૭. વ્યાકરણ સંબંધી સ્પષ્ટીકરણ માટેની શિક્ષકોની વિશેષ યોજનાઓ અને પ્રયોગોનો અભ્યાસ.
૮. શિક્ષકો દ્વારા હાથ ધરાતા વિષયવસ્તુના અધ્યાપનને વધુ અસરકારક બનાવવા માટેના શિક્ષકોના ખાસ પ્રયોગોનો અભ્યાસ.

૯. સામાજીક ઉત્કર્ષ સાથે સંકળાયેલી સહભ્યાસિક પ્રવૃત્તિઓ, એના સ્વરૂપો અને ફલશ્રુતિનો અભ્યાસ. (સ્વચ્છતા, વ્યસન મૂકિત...)

૧૦. સામાજીક અને સાંસ્કૃતિક રીતે દબાયેલ અને કચડાયેલ સમાજના ઉત્કર્ષ માટે શાળાઓમાં હાથ ધરાતી પ્રવૃતિઓનો અભ્યાસ.

૧૧. વૈવિધ્યસભર બાળ સાહિત્ય અને તેની હેતુસિદ્ધિની શકયતાનો અભ્યાસ.

૧૨. વૈવિધ્યસભર બાળ સાહિત્યનું મૂલ્યાંકન.

૧૩. ધોરણ .... ની ....... વિષયની હસ્તપુસ્તિકાનો સમીક્ષાત્મક અભ્યાસ.

૧૪. ધોરણ .... ની ....... વિષયના .......પ્રકરણ માટે હસ્તપુસ્તિકા સંદર્ભે માહિતી એકત્રીકરણ.

**નોંધ :**

૧. ઉપર દર્શાવેલ પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યોની યાદી સૂચન તરીકેની છે તાલીમાર્થીઓ અધ્યાપકોના સર્જનાત્મક માર્ગદર્શન હેઠળ પોતાની રીતે નવા પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યો હાથ ધરી શકે છે.

**સંદર્ભ ગ્રંથો**


૧. ડૉ.ગુણવંત શાહ : શિક્ષણ દર્શન, બી.એસ. શાહ પ્રકાશન.

૨. દવે જયેન્દ્ર શાસ્ત્રી : ભારતીય ચિંતકોનું શિક્ષણ ચિંતન, યુનિ.ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

૩. શાસ્ત્રી જયેન્દ્ર,પટેલ અને અન્ય : શિક્ષણની તાત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશીલાઓ,બી.એસ.શાહ પ્રકાશન, અમદાવાદ

૪. રાવલ નટુભાઈ અને અન્ય (૨૦૦૨) : વિકાસમાન ભારતીય સમાજમાં શિક્ષક, નીરવ પ્રકાશન, અમદાવાદ.

૫. શાહ બુદ્ધિશ્ચંદ્ર અને અન્ય : શિક્ષણનું સમાજશાસ્ત્ર યુનિ.ગ્રંથ નિર્માણ બોર્ડ અમદાવાદ.

૬ પંડયા કુલીન : તાત્વિક વિચારધારાઓ અને શિક્ષણ, બાલગોવિંદ પ્રકાશન, અમદાવાદ.

૭. પંડયા કુલીન : તત્વજ્ઞાનની આધારશીલાઓ,બાલગોવિંદ પ્રકાશન, અમદાવાદ.

૮. ડૉ.વિનોદ પટેલ : તત્વદર્શન અને શિક્ષણ,............................................

૯. શાહ એ.જી.અને દવે : ભારતમાં સમાજ માળખું અને પરિવર્તન, અનડા પ્રકાશન, અમદાવાદ.

૧૦. શાહ એ.જી.અને દવે જે.કે : સમાજશાસ્ત્રીય વિચારકો, અનડા પ્રકાશન, અમદાવાદ.

૧૧. શાહ એ.જી.અને દવે : આધુનિક ભારતમાં સમાજ પરિવર્તન, અનડા પ્રકાશન, અમદાવાદ.

૧૨. પટેલ એમ.એસ. : મહાત્મા ગાંધીજીની કેળવણીની ફિલસુફી, નવજીવન પ્રકાશન, અમદાવાદ.

૧૩. પાઠય યુ.બી. : મૂલ્યલક્ષી શિક્ષણ, ચરોતર સાહિત્ય પરિષદ. આણંદ

૧૪. ડૉ.જયસ્વાલ સીતારામ : શિક્ષા કે દાર્શનિક એવં સમાજશાસ્ત્રી સિદ્ધાંત, પ્રકાશન કેન્દ્ર લખનઉ.

15. Pandey R.S.: Education in Emerging Indian Society, Vinod pustak mandir , agra.

16. Murthy S.K. : Philosophical & Sociological foundations in Education, prakash brothers, Ludhiana

17. Safaya Raghunath :Development of Education Theory and Practice.

18. Bhatt S.R. : Knowledge, value and Education, IlanPublishing house, Delhi.

19. Bruner, J.S. (1960/1977) :The Process of Education, Harward University Press.

20. Eisner, E.W. (1979) : The Educational Emagination, Newyork : Macmillan

21. Sharpes,D.K. (1988) : Curriculum Traditions And Practices, London: Routeledge.

22. Sten House, L (1975) : An Introduction to Curriculum Research and Devlopment, London: Heinemann.

23. Wheeler,D.K.(1967) : Curriculum Process, University of London Press.

**B.Ed. Second Year – Sem.4**
**Course – 403/1 વસ્તી શિક્ષણ**

**હેતુઓ :**

**પ્રશિક્ષણાર્થીઓ.............**

૧. વસ્તી શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ જાણે.
૨. વસ્તી શિક્ષણનો અર્થ અને તેનું મહત્ત્વ સમજે.
૩. વસ્તી શિક્ષણના કાર્યક્ષેત્રો વિશે પરિચય કેળવે.
૪. સમાજ પર થતી વસ્તીવૃદ્ધિની અસરો અને તેના પરિણામોનું મૂલ્યાંકન કરે.
૫. વસ્તી વૃદ્ધિ પર અસર કરતાં પરિબળો જાણે.
૬. વસ્તી વૃદ્ધિની સ્વાસ્થ્ય અને પોષણ પર થતી અસરો વિશે જાણે.
૭. ગુજરાત અને ભારતના વસ્તી વૃદ્ધિના વલણો વિશે જાણે.
૮. વસ્તી શિક્ષણની વિવિધ પદ્ધતિઓ અને પ્રયુકિતઓ વિશે સમજણ કેળવે.
૯. વસ્તી શિક્ષણ સંદર્ભે શિક્ષકોની અપેક્ષાઓ જાણે.
૧૦. વસ્તી વૃદ્ધિ અટકાવવા માટે સરકારના પ્રયાસોને સમજે.
૧૧. વસ્તી વૃદ્ધિને કારણે ઉત્પન્ન થતી રાષ્ટ્રીય સમસ્યાઓ વિશે જાણે.

**એકમ : ૧ વસ્તી શિક્ષણ, જરૂરિયાત, અસરો**

(અ) વસ્તી શિક્ષણનો અર્થ, સંકલ્પના અને વસ્તી શિક્ષણની જરૂરિયાત
(બ) વસ્તી શિક્ષણનું કાર્યક્ષેત્ર અને હેતુઓ (સામાન્ય અને વિશિષ્ટ)
(ક) વસ્તી વૃદ્ધિ પર અસર કરતાં પરિબળો – પ્રજનનક્ષમતા, જન્મદર, મૃત્યુદર, સ્થળાંતર
(ડ) વસ્તી વૃદ્ધિ અને ધર્મ તથા શહેરીકરણ

**એકમ : ૨ વસ્તી વૃદ્ધિ : પ્રયુકિતઓ – પદ્ધતિઓ**

(અ) ભારતમાં વસ્તી વૃદ્ધિ દર
– ભારત અને ગુજરાતમાં સાક્ષરતા દરની તુલના
(બ) વસ્તી શિક્ષણની પદ્ધતિઓ અને પ્રયુકિતઓ
પદ્ધતિઓ : મુલાકાત, અવલોકન અને નાટયીકરણ
પ્રયુકિતઓ : વર્ણન, પ્રદર્શન, કઠપુતળીનો ખેલ
(ક) વસ્તી શિક્ષણ સંદર્ભે શિક્ષક પાસેની અપેક્ષાઓ
(ડ) ભારતમાં સ્ત્રી – પુરુષનું પ્રમાણ – ઘટાડવામાં શિક્ષકની ભૂમિકા

**પ્રાયોગિક કાર્ય :**

૧. વસ્તી અંગે વર્તમાનપત્ર અને સામયિકોમાં પ્રસિદ્ધ થતી માહિતીની સ્ક્રેપ બુક બનાવવી.
૨. કઠપૂતળીના ખેલ તૈયાર કરી તેની અસરકારકતા માપવી.
૩. વસ્તી શિક્ષણ સંદર્ભે એકોકિત તૈયાર કરવી.
૪. એકપાત્રીય અભિનય.
૫. વસ્તી શિક્ષણ અંગે પ્રદર્શન યોજવું.
૬. જિલ્લાના / તાલુકાના / જન્મદર અને મૃત્યુદરના આંકડાઓ મેળવી અસરો તપાસવી.
૭. વસ્તી વૃદ્ધિની ધર્મ અને શહેરીકરણ પર અસરો તપાસતા વ્યાખ્યાનોની નોંધ બનાવવી.

૮.	જિલ્લાના/તાલુકાના સાક્ષરતા દરના આંકડાઓ મેળવી ગુજરાત/ભારતના સાક્ષરતાદરના આંકડાઓ સાથે તુલના કરી શકાય.

૯.	બ્રેઈન સ્ટોર્મિંગ ગોઠવી શકાય : વસ્તી શિક્ષણ સંદર્ભે શિક્ષક પાસેની અપેક્ષાઓ, વસ્તી શિક્ષણ પદ્ધતિ અને પ્રયુકિતઓની અસરકારકતા માપી શકાય.

૧૦.	'નાનુ કુટુંબ સુખી કુટુંબ' ના સૂત્રથી સમાજને પરિચિત કરાવી શકાય.

**ફિલ્ડ વર્ક :**

૧.	વિવિધ વિસ્તારોમાં જઈ શેરી નાટકો યોજવા.

૨.	ગ્રામ્ય – શહેરી વિસ્તારમાં આવેલ કોલેજના યુવક–યુવતીઓમાં પ્રજનનક્ષમતા, જન્મદર, મૃત્યુદર અંગેની જાગૃતતા તપાસવી.

૩.	વસ્તી વૃદ્ધિ દ્વારા વિવિધ ધર્મ પર થતી અસરો તપાસવી.

૪.	સ્થળાંતરને કારણે યુવક– યુવતીઓમાં અભ્યાસમાં નડતી મુશ્કેલીઓ તપાસવી.

૫.	શહેરીકરણને કારણે ઊંચા જન્મદરમાં ઘટતી અસરોનો અભ્યાસ કરી શકાય.

૬.	ગુજરાતમાં અને તેના જિલ્લાઓમાં સાક્ષરતા દર તપાસવો.

૭.	કઠપૂતળીનો ખેલ,પ્રદર્શન સામાજિક નાટકો દ્વારા પ્રસંગોચિત રજુઆત તાલીમાર્થીઓ પોતાના ગામ,શેરીમાં જઈ કરી શકે.

૮.	વસ્તી વધારાથી ઉભી થતી સમસ્યાઓનું પ્રદર્શન યોજવું તેમજ ચાર્ટ, ચિત્રો વગેરે બનાવી શકાય.

૯.	વસ્તી શિક્ષણ સંદર્ભે શિક્ષકોમાં જોવા મળતા વલણોનો અભ્યાસ કરવો.

૧૦.	ભારતીય સમાજમાં વિવિધ ધર્મોમાં પુત્ર–પ્રાપ્તિની ઘેલછા સંદર્ભે અભ્યાસ કરી શકાય.

**નોંધ :**

૧.	ઉપર દર્શાવેલ પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યોની યાદી સૂચન તરીકેની છે તાલીમાર્થીઓ અધ્યાપકોના સર્જનાત્મક માર્ગદર્શન હેઠળ પોતાની રીતે નવા પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યો  હાથ ધરી શકે છે.

**સંદર્ભ ગ્રંથો :**


1. Cruz Leonardo de la, (1978) Population education : Nature, goal and role, Bangkok, UNSECO
2. Hutabarat, Sans S., et al., (1979) Population education in Indonesia, Jakarta, National Family Planning Coordination Board.
3. Jacobson, Willard J., (1979) Population education : A Knowledge base, New Yourk Teachers College, Columbia University.
4. NCERT, (1969) National seminar on population education, New Delhi : NCRT.
5. Population education, A draft syllabus, (mimeograph) (1971) : New Delhi, NCERT.
6. NCERT, (1987) Minimum essential contents of population education, (Mimeograph), New Delhi : NCERT.
7. Sharma, R.C. (1988) Population resources, environment and qualityof life, Delhi, Dhanmpat Rai & Sons.
8. Sheshadri, C. and J. L. Pandey (1991) Population education : A national Source book, New Delhi, NCERT
9. O.J., (1984) Population education, International encyclopedia of population, Volume one, new York The fees Press.
10. UNESCO, 1978 Population education : A contemporary concern, ISCOMPE Edcation Studies Documents No. 28, Paris : UNESCO.
11. UNFPA, (1996) Programme of action, adopted at the International Conference on Population and Development, Cairo, 5-13 September 1994, New Yourk : UNFPA.

12. Rao, D.G. Population Education, sterling publishers
13. Kuppuswami B. Population, Asia publishing House
14. Baldev K. P. Population Crisis in India, National

**B.Ed. Second Year – Sem.4**
**Course – 403/2 પર્યાવરણ શિક્ષણ**

**હેતુઓ :**

**પ્રશિક્ષણાર્થીઓ.............**

૧. પર્યાવરણનો અર્થ, મહત્ત્વ અને ઘટકો સમજે.
૨. પ્રાકૃતિક સંસાધનના સ્રોત, વ્યાજબી ઉપયોગ અને એના સંરક્ષણને સમજે.
૩. જૈવ વૈવિધ્ય વિશે સમજ મેળવે.
૪. વધતી જતી વસ્તીને ઉર્જાની વધતી જરૂરિયાત સમજે.
૫. પ્રકૃતિને પ્રેમ કરતાં શીખે.
૬. પ્રદુષણના પ્રકારો અને કારણો વિશે સમજે.
૭. પર્યાવરણની વૈશ્વિક સમસ્યાઓ સમજે.
૮. ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ / કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડની પ્રવૃત્તિઓ વિશે સમજ મેળવે.
૯. પર્યાવરણ સંરક્ષણની ધારાઓથી વિદ્યાર્થીઓ માહિતગાર થાય.
૧૦. પર્યાવરણ અને સમાજનો સંબંધ સમજે.
૧૧. પર્યાવરણ સંરક્ષણ અને જાગૃતિ કાર્યક્રમ જાણે.

**એકમ : ૧ પર્યાવરણ, ઉર્જા, જૈવ–વિવિધતા અને વસતી.**

૧. પર્યાવરણનો અર્થ, મહત્ત્વ અને એના ઘટકો.
૨. પ્રાકૃતિક સંસાધનના વ્યાજબી ઉપયોગ અને સંરક્ષણ (હવા, જંગલ, પાણી, જમીન, ખનિજ સંદર્ભે)
૩. પુનઃ પ્રાપ્ય અને પુનઃઅપ્રાપ્ય ઉર્જાના સ્ત્રોત.
૪. જૈવ–વિવિધતા પરિચય, ભયસ્થાનો અને સંરક્ષણ.
૫. વધતી જતી વસ્તી માટે ઉર્જાની વધતી જરૂરિયાત.

**એકમ : ૨ પ્રદુષણ, સમસ્યા, સંરક્ષણ, જાગૃતતા અને કાયદો**

૧. પ્રદુષણનો અર્થ, અસરો અને ઉપાયો.
હવા, પાણી, જમીન, અવાજ.
૨. પર્યાવરણની વૈશ્વિક સમસ્યાઃ
ઓઝોન સ્તરમાં ગાબડું, એસિડ વરસાદ, સુનામી, ધરતીકંપ.
૩. ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ / કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની પ્રવૃત્તિઓ.
૪. વન્ય પ્રાણી સુરક્ષા ધારો (૧૯૭૨), વન સુરક્ષા ધારો (૧૯૮૦) અને પર્યાવરણ સુરક્ષા ધારો (૧૯૮૬)
૫. પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ અને પ્રાથમિક શિક્ષણ શિબિર.

**પ્રાયોગિક કાર્ય :**

૧. સમુદ્ર કિનારે થતા ધોવાણનો અભ્યાસ કરી અહેવાલ તૈયાર કરવો.
૨. હવામાનની વૈવિધ્યતાનો અભ્યાસ કરી અહેવાલ તૈયાર કરવો.
૩. વિવિધ પ્રકારના પ્રદૂષણ નિયંત્રણ પદ્ધતિનો અભ્યાસ કરી અહેવાલ તૈયાર કરવો.
૪. ધાર્મિક યાત્રાધામો તથા પ્રવાસના સ્થળો પર થતા પ્રદૂષણનો અભ્યાસ કરી અહેવાલ તૈયાર કરવો.
૫. પાણી માટેની ગટર વ્યવસ્થા અને તેની સમસ્યાઓનો અભ્યાસ કરી અહેવાલ તૈયાર કરવો.
૬. જળ સંરક્ષણ – જળ પ્રબંધનની પદ્ધતિઓનો અભ્યાસ કરી અહેવાલ તૈયાર કરવો.
૭. ઉર્જાસ્ત્રોત અને તેના પ્રબંધનનો અભ્યાસ કરી અહેવાલ તૈયાર કરવો.

૮. પ્રાથમિક શિક્ષણ શિબિર ગોઠવવી, રિપોર્ટ લખવો.

૯. પ્રાણી સંગ્રાહાલયની મુલાકાત ગોઠવવી, રિપોર્ટ લખવો.

૧૦. ધર્મ, સમાજમાં પર્યાવરણના બગાડ વિશે અભ્યાસ કરી રિપોર્ટ તૈયાર કરવો.

**નોંધ :**

૧. ઉપર દર્શાવેલ પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યોની યાદી સૂચન તરીકેની છે તાલીમાર્થીઓ અધ્યાપકોના સર્જનાત્મક માર્ગદર્શન હેઠળ પોતાની રીતે નવા પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યો હાથ ધરી શકે છે.

**સંદર્ભ ગ્રંથો**


1. Bharucha, Erach (2003) Biodiversity of India. The Mapin publishing, Delhi
2. Broan, Lester R.(2002) Eco-Economy: Bulielirs an Economy Foo the Erter. Orient Longman.
3. Sharma, R. C. (1981) Environmental Education New Delhi: Metropolitant.
4. ભરૂચા, એ.(૨૦૧૧) પર્યાવરણ અધ્યયન, યુ.જી.સી. ઓરિએન્ટ બ્લેકસવાન પ્રા.લિ.મુંબઈ (ગુજરાતી, હિન્દી, અંગ્રેજી પ્રત પ્રાપ્ય)
5 सक्सेना हरिमोहन (2003) पर्यावरण अध्ययन, श्री गंगा नगर: अग्रवाल सदन
6 पंकज श्रीवास्तव (1998) पर्यावरण शिक्षा, भोपाल मध्यप्रदेश हिन्दी ग्रंथ अकादमी

**B.Ed. Second Year – Sem.4**
**Course – 403/3 શૈક્ષણિક અને માનસિક માપન**

**હેતુઓ....**

૧. તાલીમાર્થીઓને શૈક્ષણિકઅને માનસિક માપનમાં રહેલ પ્રાથમિક વૈજ્ઞાનિક ભુમિકા અને એના વ્યાપથી માહિતગાર કરવા.
૨. તાલીમાર્થીઓ પોતાના ક્ષેત્રમાં સંબંધિત પ્રવૃત્તિઓ પ્રયોજી શકે એવા કૌશલ્યો અને ક્ષમતાઓ વિકસાવવી.
૩. તાલીમાર્થીઓ શૈક્ષણિક માપનના પરિણામોનું અર્થઘટન કરતાં શીખે.
૪. તાલીમાર્થીઓ પ્રાથમિક માહિતીઓમાંથી આંકડાશાસ્ત્રીય પ્રક્રિયાઓનો ઉપયોગ કરી તેને સારણીમાં રૂપાંતરીત કરી કશોક નકકર અર્થ તારવતા શીખે.
૫. તાલીમાર્થીઓ માપન પ્રવૃત્તિઓનો ઉપયોગ કરતા થાય.

**એકમ – ૧ શૈક્ષણિક માપન અને કસોટી સંરચના.**

(અ) શૈક્ષણિક માપન અને મૂલ્યાંકનની સંકલ્પના અને શૈક્ષણિક માપનની જરૂરિયાત, માપન અને મૂલ્યાંકન વચ્ચે તફાવત.
(બ) માપનની વિવિધ પદ્ધતિઓ : ઓળખ અંક, ક્રમાંકન, આંતર ગુણોત્તર અને ગુણોત્તર માપ પદ્ધતિ.
(ક) કસોટી સંરચના – સોપાનો.
(ડ) કસોટીની ગુણવત્તા : વિશ્વસનીયતા અને પ્રમાણભૂતતા ; કલમ રચના

**એકમ – ૨ માપોનું અર્થઘટન અને માપનના ઉપકરણો.**

(અ) સમધારણ વક્રરેખા : લક્ષણો, સમીકરણ, કકુદતા – વિષમતા અને તેની ગણતરી.
(બ) સહસંબંધાંક : સ્પિયરમેનની ક્રમાંક તફાવત પદ્ધતિ અને કાર્લ પિયર્સનની ગુણન પ્રઘાતની રીત, કાઈ વર્ગ કસોટી – સમાન સંભંવની રીત, 't' કસોટી – અસહસંબંધિત સરાસરી.
(ક) નિયત સંબંધ – અર્થ, ઉપયોગ અને ઉદાહરણ.
(ડ) વલણ – અર્થ તથા વલણ માપન – થર્સ્ટન પદ્ધતિ અને લિકર્ટ પદ્ધતિ, વર્તન – અર્થ તથા વર્તન માપન – સામાજિકતામિતિ, ક્રમ માપદંડ, ઓળખ યાદી.

**પ્રાયોગિક કાર્ય :**

૧. કાઈ વર્ગ કસોટી : કયો વિષય વધુ ગમે છે તેવુ યાદચ્છ નિદર્શને લઈ ગણતરી કરવી.
૨. કસોટી – બે શાળાના બાળકોની વાચન શકિતમાં સાર્થક તફાવત ચકાસવા.
૩. સહસંબંધાંક : વિવિધ વિષયોના માર્ક વચ્ચે શોધી શકાય, વિષયોના પરિણામો વચ્ચે
૪. સામાજીકતામિતિનો અભ્યાસ – સમગ્ર વર્ગમાં, વિષય પ્રમાણે, શાળામાં
૫. કોઈપણ બે પ્રમાણિત કસોટીઓની વિશ્વસનીયતા અને પ્રમાણભૂતતાનો અભ્યાસ કરી અહેવાલ લેખન કરે.
૬. વલણ માપદંડને આધારે નિશ્રિત અભિપ્રાય જાણવો.
૭. વલણ માપદંડનો અભ્યાસ – લિકર્ટ સ્કેલની રચના – પંચબિંદુ, ત્રિ–બિંદુ સ્કેલ, થર્સ્ટન પદ્ધતિ, ઓળખ યાદી.

**નોંધ :**

૧. ઉપર દર્શાવેલ પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યોની યાદી સૂચન તરીકેની છે તાલીમાર્થીઓ અધ્યાપકોના સર્જનાત્મક માર્ગદર્શન હેઠળ પોતાની રીતે નવા પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યો હાથ ધરી શકે છે.

**સંદર્ભ ગ્રંથ**


Asthana, Bipin, (2008). **Measurement and evaluation in psychology and education**, (Tenth Edition) Agra; Vinod pustak mandir

Garret, H. E., (2007). S**tatistics in psychology and education**, New Delhi; Paragon International Publishers.

Lal, J. P., (2008). **Educational measurement and evaluation,** New Delhi; Anmol Publications Pvt. Ltd.

Pathak, R. P., (2012). **Measurement and evaluation in education**, New Delhi; Dorling Kindersley Pvt. Ltd.

Pathak, R. P., (2011). **Statistics in education and psychology**, New Delhi; Dorling Kindersley Pvt. Ltd.

Rani, T. S., Priyadarsaini, J. R., Rao, D. B., (2007). **Educational measurement and evaluation**, New Delhi: Discovery publishing House.

પટેલ આર. એસ.(૨૦૦૯). **શૈક્ષણિક સંશોધન માટે આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ.** (દ્વિતીય આવૃતિ),અમદાવાદ; જય પબ્લિકેશન.

પટેલ દિનેશ, ઠક્કર અશોક, મોદી જીજ્ઞેશ (૨૦૦૮). **મનોવિજ્ઞાન અને શિક્ષણમાં માપન**,અમદાવાદ; અક્ષર પબ્લિકેશન.

પારેખ ભગવાનલાલ, ત્રિવેદી મનુભાઈ (૨૦૧૦) **શિક્ષણમાં આંકડાશાસ્ત્ર**, (પાંચમી આવૃતિ) અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

શાહ અરવિંદ (૨૦૦૮) **મનોવિજ્ઞાનની સંશોધન પદ્ધતિઓ** (દ્વિતીય આવૃતિ),અમદાવાદ; ડીવાઈન પબ્લિકેશન.

**B.Ed. Second Year – Sem.4**
**Course – 403/4 મૂલ્ય શિક્ષણ**

**હેતુઓ :**

**પ્રશિક્ષણાર્થીઓ.............**

૧. મૂલ્યોની સૈદ્ધાંતિક સમજ વિકસાવે.
૨. સ્વ–વિકાસમાં મૂલ્યોનું મહત્ત્વ સમજે.
૩. મૂલ્યશિક્ષણની સંકલ્પના સમજે.
૪. મૂલ્ય વચ્ચેના આંતરસંઘર્ષ વિશે જાણે અને તે દૂર કરવાના ઉપાયો સમજે.
૫. મૂલ્ય વિકાસની પદ્ધતિથી પરિચિત થાય.
૬. શિક્ષક, વાલી અને સંચાલકના મૂલ્યોનું મૂલ્યાંકન કરે.

**એકમ ૧ : મૂલ્યોની સમજ**

૧.૧ મૂલ્યો : અર્થ અને સંકલ્પના
૧.૨ મૂલ્યના પ્રકાર : સામાજિક, નૈતિક, રાષ્ટ્રીય અને સાંસ્કૃતિક
૧.૩ મૂલ્યો વચ્ચેના આંતરસંઘર્ષ (કારણ અને દૂર કરવાના ઉપાયો)
૧.૪ શિક્ષણના એક આંતરિક ભાગ તરીકે મૂલ્ય શિક્ષણ

**એકમ ૨ મૂલ્યોનો વિકાસ અને શિક્ષણ**

૨.૧ શિક્ષણ દ્વારા નકારાત્મક મૂલ્યોનું ઉચ્છેદન
૨.૨ મૂલ્યોના આરોપણમાં શિક્ષક, શાળા અને અભ્યાસક્રમની ભૂમિકા
૨.૩ મૂલ્યોના વિકાસમાં સમાજ અને ઘરની ભૂમિકા
૨.૪ શિક્ષક, વાલી અને સંચાલકોના મૂલ્યોનું મૂલ્યાંકન

**પ્રાયોગિક કાર્ય :**

૧. તમારા શિક્ષક/મિત્રો/સંબંધીમાં નોંધેલા પાંચ મૂલ્યોની ચર્ચા કરો.
૨. તમે અનૂભવેલા મૂલ્ય વચ્ચેના આંતર સંઘર્ષ વિશે ચર્ચા કરો.
૩. તમારા આદર્શ વ્યકિતના જીવનમાં રહેલા મૂલ્યો અંગે નોંધી તેનું જીવનમાં અમલીકરણ કેવી રીતે કરશો તે અંગે નોંધ તૈયાર કરો.
૪. કયા પાંચ મૂલ્યો તમારા જીવનમાં પ્રાથમિકતા ધરાવે છે? શા માટે? ચર્ચો.
૫. તમારા જીવનના એવા પ્રસંગો નોંધો જયારે તમે મૂલ્યોનું પ્રત્યક્ષીકરણ કર્યુ હોય.
૬. શાળામાં તમે નિરીક્ષણ કરેલી મૂલ્ય વિકાસ માટેની પ્રવૃત્તિઓ અંગે નોંધ તૈયાર કરો.
૭. તમારા શિક્ષકના મૂલ્ય અથવા મૂલ્ય પ્રત્યેની કટિબધ્ધતા અંગેના પ્રસંગો અંગે નોંધ તૈયાર કરો.
૮. મૂલ્યના સંદર્ભમાં ટી.વી./રેડિઓ કે સમાચાર પત્રમાં જોયેલી/સાંભળેલી/વાંચેલી હકીકત/સમાભાર/પ્રસંગો અંગે નોંધ તૈયાર કરો.
૯. મહાન વ્યકિતઓના જીવનમાં તમે નોંધેલા મૂલ્યો અંગે ચર્ચા કરો.
૧૦. ભારતીય સંસ્કૃતિના મૂલ્યની ચર્ચા કરો.
૧૧. જીવનમાં બનેલા એવા મૂલ્ય પતનના પ્રસંગો નોંધી તે માટેના કારણોની ચર્ચા કરો.
૧૨. કયા મૂલ્યો તમે તમારા વિદ્યાર્થીના જીવનમાં વિકસે એવું ઈચ્છો છો? શા માટે?
૧૩. મૂલ્ય આધારિત ફિલ્મોની યાદી બનાવો અને કોઈ એક ફિલ્મનું સમીક્ષા કરો.
૧૪. શાળામાં /કોલેજમાં/ સમાજમાં બનેલા એવા પ્રસંગો ભેગા કરો જેમાં મૂલ્યની ભૂમિકા અગત્યની હોય.

**ક્ષેત્રકાર્ય :**

૧. તમારા વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવા માટે એક પ્રશ્નાવલિ તૈયાર કરી તેની અજમાયશ કરો.

૨. શિક્ષકોનું મૂલ્યાંકન કરવા માટે એક પ્રશ્નાવલિ તૈયાર કરી તેની અજમાયશ કરો.

૩. વાલીઓનું મૂલ્યાંકન કરવા માટે એક પ્રશ્નાવલિ તૈયાર કરી તેની અજમાયશ કરો.

૪. દસ પરિવારની મુલાકાત લઈને તે પરિવારમાં પ્રભાવિત મૂલ્યો અંગે સર્વે કરો.

૫. વાલીઓના મૂલ્યોનું મૂલ્યાંકન કરવા માટે આયોજન તૈયાર કરો.

**નોંધ :**

૧. ઉપર દર્શાવેલ પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યોની યાદી સૂચન તરીકેની છે તાલીમાર્થીઓ અધ્યાપકોના સર્જનાત્મક માર્ગદર્શન હેઠળ પોતાની રીતે નવા પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યો હાથ ધરી શકે છે.

**સંદર્ભ ગ્રંથો**


1. Education in values and spirituality, Brahma kumaris educational society, mount Abu, 2004
2. Value Education, Yogeshkumar Singh, Ruchika Singh, APH Publishing Corporation, New Delhi, 2005
3. Value-oriented Education : Initiatives at the Teacher Education level, edited by Dr. Vanaja M., Dr Vijaya Bharathi, Neelkamal Publications Pvt, Ltd Hyderabad, 2008
4. Value Education, Dr. M.S. Singh, Adhayan Publishers and Distributors, New Delhi 2007
5. Value Education, Dr. N. Yenkataiah, APH Publishing Corporation, New Delhi 2005
6. Human Values and Education Aruna Greal and S.L.Greal, Deep & Deep Publications Pvt.Ltd New Delhi 2005

**B.Ed. Second Year – Sem.4**
**Course – 403/5 વ્યાવસાયિક શિક્ષણ**

**હેતુઓ :**
**પ્રશિક્ષણાર્થીઓ.............**

૧. વ્યાવસાયિક શિક્ષણનો અર્થ અને સંકલ્પના જાણે.
૨. વ્યાવસાયિક શિક્ષણના ધ્યેયો અને હેતુઓ જાણે.
૩. વ્યાવસાયિક શિક્ષણની જરૂરિયાત અને સિદ્ધાંતો સમજે.
૪. વ્યાવસાયિક શિક્ષણના વર્તમાન પ્રવાહો અને પ્રશ્નો જાણે.
૫. વ્યાવસાયિક શિક્ષણની સંસ્થાઓ અને કાર્યક્રમો વિશે જાણે.
૬. વ્યાવસાયિક શિક્ષણની જરૂરિયાત ૨૧ મી સદીના સંદર્ભમાં સમજે.

**એકમ : ૧ વ્યાવસાયિક શિક્ષણની ભૂમિકા**

૧. વ્યાવસાયિક શિક્ષણ : અર્થ અને સંકલ્પના
૨. વ્યાવસાયિક શિક્ષણના ધ્યેયો અને હેતુઓ
૩. વ્યાવસાયિક શિક્ષણ : જરૂરિયાત અને સિદ્ધાંતો
૪. વ્યાવસાયિક શિક્ષણના વર્તમાન પ્રવાહો અને પ્રશ્નો

**એકમ : ૨ વ્યાવસાયિક શિક્ષણની સંસ્થાઓ અને કાર્યક્રમો**

૧. વ્યાવસાયિક શિક્ષણ કાર્યક્રમ અંગે ૧૯૮૬ ની રાષ્ટ્રીય શિક્ષણનીતિની ભલામણો
૨. વ્યાવસાયિક શિક્ષણની તાલીમમાં સ્વરોજગારી માટે તાલીમ સંસ્થાઓની ભૂમિકા
૩. વ્યવસાય માટે કેન્દ્ર અને રાજય સરકારનું માર્ગદર્શન અને પ્રોત્સાહન યોજનાઓ
૪. ૨૧ મી સદી અને વ્યાવસાયિક શિક્ષણ : જરૂરિયાત, સ્ત્રોતો અને અસરો

**પ્રાયોગિક કાર્ય :**

૧. વ્યાવસાયિક શિક્ષણ આપતી વિવિધ સંસ્થાઓ અંગે અહેવાલ તૈયાર કરવો.
૨. રોજગાર વિનિમય કચેરીની મુલાકાત લઈ અહેવાલ તૈયાર કરવો.
૩. કોઈ એક નાના પાયાના ઉદ્યોગની મુલાકાત લઈ અહેવાલ તૈયાર કરવો.
૪. શૈક્ષણિક અને વ્યાવસાયિક માર્ગદર્શન માટે રોજગાર અધિકારીશ્રીનું વ્યાખ્યાન યોજવું
૫. ઉદ્યોગપતિઓના એસોસિએશનની મુલાકાત પ્લેસમેન્ટ અંગે માહિતી મેળવવી.
૬. ઉદ્યોગ કેન્દ્રની મુલાકાત લઈ મળતી સહાય વિશે જાણકારી મેળવવી.

**નોંધ :**

૧. ઉપર દર્શાવેલ પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યોની યાદી સૂચન તરીકેની છે તાલીમાર્થીઓ અધ્યાપકોના સર્જનાત્મક માર્ગદર્શન હેઠળ પોતાની રીતે નવા પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્રકાર્યો હાથ ધરી શકે છે.

## Reference Books


1. Aggarwal, J.C.and S.P. Aggrawal, vocational education, Doaba house publishers, New Dehli,1987
2. Aggrawal J.C., Marks in the history modern Indian education, Indian Education, vikas publishing house Pvt. Ltd. New Delhi, 1994
3. Secondary Education Commision (1952-53)
4. Kothari Commission Report (1964-66)
5. Sharma A.P., Contemporary Problem Education, Vikas publishing house Pvt. Ltd. New Delhi, 1984
6. Tarun, Rashtriya , Vocational Education, APH publishing Corporation, New Delhi,2005

# B.Ed. Second Year-Sem-4

## Course-403/6 **સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ**

**હેતુઓ :**

**પ્રશિક્ષણાર્થીઓ.............**

૧. સ્વાસ્થ્ય શિક્ષણના અર્થ અને મહત્ત્વ જાણે.
૨. સ્વાસ્થ્ય જાળવણી માટે શાળાની ભૂમિકા સમજે.
૩. માનસિક અને સામાજિક શિક્ષણનો અર્થ અને સંકલ્પના જાણે.
૪. પ્રાર્થના, યોગ, આસન અને ધ્યાનનું મહત્ત્વ સમજે.
૫. શારિરીક શિક્ષણનો અર્થ અને મહત્ત્વ જાણે.
૬. શારિરીક શિક્ષણ અંગે શાળાની ભૂમિકા સમજે.
૭. જાતીય શિક્ષણનો અર્થ અને સંકલ્પના જાણે.

**એકમ : ૧ સ્વાસ્થ્ય શિક્ષણ**

૧. સ્વાસ્થ્ય શિક્ષણ : અર્થ, મહત્ત્વ
૨. સ્વાસ્થ્યની જાળવણી માટે શાળાની ભૂમિકા

૩. સ્વાસ્થ્ય શિક્ષણ : માનસિક અને સામાજિક સ્વાસ્થ્ય : અર્થ અને સંકલ્પના
૪. સ્વાસ્થ્ય શિક્ષણમાં પ્રાર્થના, યોગ, આસન અને ધ્યાનનું મહત્ત્વ

**એકમ : ૨ શારીરિક શિક્ષણ**

૧. શારીરિક શિક્ષણ અર્થ અને સંકલ્પના
૨. શારીરિક શિક્ષણ માટે શાળાની ભૂમિકા
૩. શારીરિક સ્વાસ્થ્ય : વૃદ્ધિ, વિકાસ અને પોષણ
૪. જાતિય શિક્ષણ : અર્થ, સંકલ્પના અને મહત્ત્વ

**પ્રાયોગિક કાર્ય :**

૧. શારિરીક રીતે તંદુરસ્ત અને નાદુરસ્ત વ્યકિતના લક્ષણોનો તુલનાત્મક અભ્યાસ કરે
૨. સ્વાસ્થ્ય જાળવણી અંગે ડૉકટર સાથે ગોષ્ઠીનું આયોજન કરી અહેવાલ તૈયાર કરવો.
૩. યોગ શિબિર યોજવી.
૪. વ્યસન મુકિત માટે પ્રદર્શન યોજવું.
૫. જાતિય શિક્ષણની સમજ માટે વાર્તાલાપનું આયોજન કરવું.
૬. ધ્યાન શિબિર યોજવી.
૭. રમત દિવસનું આયોજન અને અમલીકરણ કરવું.

**નોંધ :**

૧. ઉપર દર્શાવેલ પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યોની યાદી સૂચન તરીકેની છે તાલીમાર્થીઓ અધ્યાપકોના સર્જનાત્મક માર્ગદર્શન હેઠળ પોતાની રીતે નવા પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યો હાથ ધરી શકે છે.

**Reference Books :**


1. Brown, Gordon, Board of Education, Tentative Curriculum Gide for physical Education, Volume -1, Ridgewood public schools, new jersey, 1960.
2. Diehl, Harold, Text book of Healthful living, $5^{th}$ edition, McGraw-Hill book company, New York, 195.
3. Bauer, W., Today's Health Guide, American Medical Association, 1965.
4. Joint Committee of Central and Scotthish Health Service Councils, "Health Education" Her Majestry's Satationary Office, London, 1964.
5. Ministry of Education Govt. of India, "A national plan of physical education and recreation", Albion press, Delhi, 1956.
6. Bulletin No. 5, "A Guide to Teaching physical Education in secondary schools', state department of education, Talaharssee, Florida, 1948
7. Moss, Bernice, "Health Education", National Education Association of the Unites States, Washington, 1961.
8. Hagg, Jessie, "School Helath Programme", Oxford & I.B.H. Publishing Co., New York.

**B.Ed. Second Year Sem. -4**
**Course – 403/7 <u>શાંતિ માટેનું શિક્ષણ</u>**

**<u>હેતુઓ :</u>**

**<u>પ્રશિક્ષણાર્થીઓ...</u>**

૧. શાંતિપૂર્ણ અને હિંસામુકત સમાજની રચના કરવા માટે પ્રયોગો અને પ્રકલ્પો હાથ ધરવા માટે પ્રશિક્ષણાર્થીઓ પ્રેરિત થાય.
૨. તાલીમાર્થીઓ શાંતિની સંકલ્પના અને મહત્ત્વ વિશે જાણે અને સમજે.
૩. વ્યકિતગત તથા સામાજિક સ્તરે ઉદ્‌ભવતા સંઘર્ષો દૂર કરવા સંઘર્ષ નિવારણની વ્યૂહરચનાઓ જાણે અને અજમાવે.
૪. સંસ્થામાં વ્યકિતઓ વચ્ચે શાંતિપૂર્ણ અને સ્નેહાળ સંબંધોનું મહત્ત્વ સમજે અને જીવે.
૫. તાલીમાર્થીઓ વિશ્વ શાંતિ માટે યોગદાન આપનાર વ્યકિત વિશેષો અને સંસ્થાઓથી પરિચિત થાય.
૬. તાલીમાર્થીઓ સંઘર્ષ નિવારણ માટેના વલણો અને કૌશલ્યો વિકસાવે.

**<u>એકમ :૧ શાંતિ માટેના શિક્ષણની સમજ</u>**

૧. શાંતિ માટેનું શિક્ષણઃ વ્યાખ્યા, સંકલ્પના, ધ્યેયો.
૨. શાંતિ માટેના શિક્ષણની ક્ષમતાઓ અને મહત્ત્વ .
૩. શાંતિ માટેના અભિગમોઃ **<u>શાળામાંઃ</u>** સાથી શિક્ષકો વચ્ચે, શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે, શિક્ષકો અને આચાર્ય વચ્ચે, વિદ્યાર્થીઓ અને આચાર્ય વચ્ચે, **<u>શાળાની બહારઃ</u>** <u>કુટુંબ</u>, સમાજ અને શાંતિ માટે કાર્યરત એન.જી.ઓ. (National Foundation for Indian, New Delhi and All India Anti Corruption & Human Rights, Surat wouling for peace)
૪. સમાજ, રાષ્ટ્ર અને વિશ્વમાં શાંતિ માટે શાળાની ભૂમિકા.

**<u>એકમઃર સંપોષિત વિકાસ અને શાંતિ માટેનું શિક્ષણ</u>**

૧. સંપોષિત વિકાસઃ અર્થ, સંકલ્પના, જરૂરિયાત
૨. વિવિધ કૌશલ્યોનો વિકાસઃ પ્રત્યાયન કૌશલ્ય, સહકાર અને તાદાત્મ્યનું કૌશલ્ય
૩. જીવન કૌશલ્યોઃ તણાવ વ્યવસ્થાપન કૌશલ્ય, સમસ્યા ઉકેલ કૌશલ્ય, સંઘર્ષ નિવારણ કૌશલ્ય અને સમાધાન કૌશલ્ય
૪. સ્વસશકિતકરણ કૌશલ્ય : યોગ અને ધ્યાન

**<u>પ્રાયોગિક કાર્યઃ</u>**

૧. શાંતિ અને સંવાદિતા માટે કાર્યરત વિવિધ સંસ્થાઓ, યોગકેન્દ્રો અને એન.જી.ઓ.ની મુલાકાત યોજવી અને અહેવાલ તૈયાર કરવો.
૨. જરૂરીયાતમંદોને સહાયક બનતી સંસ્થાઓ જેવી કે ઘરડાઘર, અનાથાશ્રમ, નારી સંરક્ષણ ગરહની મુલાકાત લઇ અહેવાલ તૈયાર કરવો.
૩. શાળા સ્તરે યોગ અને ધ્યાનની કાર્યશિબિરનું આયોજન
૪. અહિંસા પ્રચાર,વ્યસનમુકિત માટે શેરીનાટકોનું આયોજન, સંબંધિત કાર્યક્રમો માટે ઇ–કલબની સ્થાપના, સંબંધિત કાર્યક્રમો માટે સેમિનારોનું આયોજન અને અહેવાલ લેખન.
૫. સમાજમાં શાંતિ માટે રેલીઓ તથા વિવિધ પ્રવરત્તિઓનું આયોજન કરવું.
૬. શાળા સ્તરે જીવનકૌશલ્યોના વિકાસ માટેના કાર્યક્રમોનું આયોજન
૭. આંતરરાષ્ટ્રીય શાંતિદિવસની ઉજવણી કરવી. (૨૧ સપ્ટેમ્બર)
૮. વિવિધ ધાર્મિક ઉત્સવોની ઉજવણીઓમાં રહેવા શાંતિના સંદેશાઓ સમજવા–સમજાવવા.
૯. શાળા–કોલેજોમાં શાંતિ વિષયક સ્લોગન, ચિત્રકામ માટે માર્ગદર્શક કાર્યશિબિર યોજી સ્પર્ધાઓ યોજવી.
૧૦. વિશ્વ શાંતિ માટે મહત્ત્વનું યોગદાન આપનાર વ્યકિતવિશેષોના જીવન ચરિત્રોની/ સંસ્થાઓની ઝાંખી કરાવવી, પ્રદર્શનો યોજવા, વકતવ્યો યોજવા.

**નોંધ :**

૧. ઉપર દર્શાવેલ પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યોની યાદી સૂચન તરીકેની છે તાલીમાર્થીઓ અધ્યાપકોના સર્જનાત્મક માર્ગદર્શન હેઠળ પોતાની રીતે નવા પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યો હાથ ધરી શકે છે.

**Reference :**


1. Nixon, R. (1970), United Foreign policy for the 1970's , New strategy for peace, published by a Bantam Book.
2. Jack, H. A. (1973) Religion for peace, First Edition published by Gandhi Peace Foundation, New Delhi and Bhatiya Vidya Bhavan, Bombay.
3. Feuerstein, G. (1974) The Essence of Yoga A Contribution to the Psychohistory of Indian Civilizatrion, published by Rider and company.
4. Galtung, J. (1984) The struggle for peace, first edition. Published by peace Research Centre, Gujarat Vidyapith, Ahmedabad.
5. Iyenger, B. K. (2001) Yoga the path to holistic health. First Editon. Edited by Ranjana Sengupta. Published by Dorling Kindersley Limited, London.
6. Indian National Commission for co-operation with UNSECO. (2001). Life skills in Non-formal Education : A Review. Published by United Nations Education, Scientific and Cultural Organization, New Delhi.
7. Dash, B. N. Dash, N. (2009) Thoughts and Therories of Indian Edcation Tinkers. Dominent Publishers & Distribtutors.
8. Noddings, N. (2011) Peace Education How we Come to Love and Hate War. Published by Cambridge University Press. Retrived from http://ebooks.cambridge-ort/ebook.js?bid=CB09780511894725
9 Upadhyay, P. (2010). Education for peace : Utopia or Reality : Published by Kalpaz Publications Retrived from http://www.amazon.in/ education-peace-pratibha-Dr- Upadhyay/ dp/ 8178358387.
10 Marcello, P.C. (2012) The Dalai Lama: A Biography. Published by Jaico Publishing House, First Edition. Retrieved from http://www.amazon.in/ The-Dalai-Lama-A Biography

**B.Ed. Second Year – Sem.4**
**Course – 403/8 માર્ગદર્શન અને સલાહસૂચન**

**હેતુઓ :**

**પ્રશિક્ષણાર્થીઓ.............**

૧. માર્ગદર્શન અને સલાહસૂચનની સંકલ્પના સમજે
૨. માર્ગદર્શન અને સલાહસૂચનના પ્રકાર સમજે.
૩. માર્ગદર્શન અને સલાહસૂચનની ક્ષમતા જાણે.
૪. માર્ગદર્શન અને સલાહસૂચનની પ્રયુકિતઓ અને સાધનોથી પરિચિત થાય.
૫. વિદ્યાર્થીઓના વ્યાવસાયિક માર્ગદર્શનમાં શિક્ષકની ભૂમિકા જાણે.
૬. ચોકકસ સમસ્યાઓથી પીડાતા વિદ્યાર્થીઓને ઓળખી તેમને જરૂરી માર્ગદર્શન આપે

**એકમ : ૧ માર્ગદર્શન અને સલાહસૂચનનો પરિચય**

૧.૧ માર્ગદર્શનનો અર્થ, સંકલ્પના અને જરૂરિયાત
૧.૨ માર્ગદર્શનના પ્રકારો (શૈક્ષણિક, વ્યાવસાયિક અને વ્યકિતગત)
૧.૩ કારકિર્દી માર્ગદર્શનનો અર્થ, સંકલ્પના અને મહત્ત્વ
૧.૪ સલાહસૂચનનો અર્થ, સિદ્ધાંતો અને ધ્યેયો ;સલાહસૂચનના અભિગમો : પ્રત્યક્ષ, પરોક્ષ, સંયુકત

**એકમ : ૨ માર્ગદર્શન અને સલાહસૂચનની પ્રક્રિયા**

૨.૧ માર્ગદર્શન માટેના ઉપયોગી ઉપકરણો અને પ્રયુકિતઓનો પરિચય
(ઉપકરણો : વિકાસાત્મક મૂલ્યાંકન, ક્રમમાપદંડ, રસ સંશોધનિકા
પ્રયુકિતઓ : અવલોકન, સામાજિકતામિતિ, મુલાકાત)
૨.૨ માર્ગદર્શનમાં શિક્ષકની ભૂમિકા
૨.૩ વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા વિદ્યાર્થીઓને માર્ગદર્શન ( વર્તન સમસ્યા, વિકલાંગ, સામાજિક પછાત, કન્યાઓ, તેજસ્વી વિદ્યાર્થીઓ)
૨.૪ સલાહસૂચનની પ્રક્રિયા (સંકલ્પના અને સોપાનો); અસરકારક સલાહકારની લાક્ષણિકતાઓ.

**પ્રાયોગિક કાર્ય**

૧. શાળાની મુલાકાત લઈ શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓના કરાતા વિકાસત્મક મૂલ્યાંકન પત્રકનો અભ્યાસ કરવો તથા કોઈ ચોકકસ વિદ્યાર્થી / વિદ્યાર્થીઓના બે–ત્રણ વર્ષના વિકાસાત્મક મૂલ્યાંકન પત્રકનો અભ્યાસ કરવો.
૨. વર્ગખંડમાં કોઈક મનોવૈજ્ઞાનિક કસોટીની અજમાયશ કરો.
૩. માર્ગદર્શન આપતી શાળાની મુલાકાત લઈ અહેવાલ તૈયાર કરો.
૪. શાળા સલાહકારની મુલાકાત.
૫. વ્યકિતગત માર્ગદર્શન મેળવતા કોઈ વિદ્યાર્થીનો વ્યકિત અભ્યાસ કરો.
૬. માર્ગદર્શન કે સલાહ કેન્દ્રની મુલાકાત લઈ અહેવાલ તૈયાર કરો.
૭. શાલેય શિક્ષણ બાદના દસ કારકિર્દીના ક્ષેત્રોની નોંધ કરો.
૮. રસ સંશોધનિકા રચી વર્ગમાં અજમાયશ કરો.
૯. માર્ગદર્શન અને સલાહસૂચન પર ભૂમિકા ભજવવી. (રોલ પ્લે)
૧૦. રોજગાર કચેરીની મુલાકાત લો.
૧૧. બુલેટીન બોર્ડ / કેરિયર કોર્નર પર કારકિર્દી સમાચારનું નિદર્શન કરો.
૧૨. ક્રમમાપદંડની રચના કરો અને વર્ગમાં અજમાયશ કરો

૧૩. ધો.૧૨ વાણિજય પ્રવાહના વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન આપવા માટેનો ચાર્ટ તૈયાર કરો.
૧૪. ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન આપવા માટેનો ચાર્ટ તૈયાર કરો.
૧૫. ધો.૧૨ વિનયન પ્રવાહના વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન આપવા માટેનો ચાર્ટ તૈયાર કરો.
૧૬. ધો.૧૦ ના વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન આપવા માટેનો ચાર્ટ તૈયાર કરો.
૧૭. કોઈ વિશિષ્ટ શાળાની મુલાકાત લઈ વિદ્યાર્થીઓની મુશ્કેલીઓ નોંધો.
૧૮. કન્યાશાળા અને સહશિક્ષણ આપનાર શાળામાં જઈ કન્યાઓને નડતી મુશ્કેલીઓ નોંધો.
૧૯. કોઈ એક વર્ગની સામાજિકમિતિનો ચાર્ટ બનાવો.
૨૦. કોઈ ચોકકસ જૂથનું વર્ગમાં અને મેદાનમાં અવલોકન કરી તેઓના વર્તની લાક્ષણિકતાઓ નોંધો.
૨૧. કોઈ એક શાળાના થોડા તેજસ્વી વિદ્યાર્થીઓનું અવલોકન / મુલાકાત કરો અને તેઓનો સામાજિકતામિતિનો ચાર્ટ / વર્તનની લાક્ષણિકતાઓ નોંધો.
૨૨. કારકિર્દી માર્ગદર્શનને લગતા કેટલાક લેખોનો છાપાઓમાંથી સંગ્રહ કરી નિર્દશન કરો.
૨૩. વ્યકિતગત માર્ગદર્શન અને સલાહસૂચનને લગતા કેટલાક લેખોનો મેગેઝીનમાંથી સંગ્રહ કરી નિર્દશન કરો.
૨૪. વ્યાવસાયિક માર્ગદર્શનને લગતી માહિતી / મડિયામાંથી સંગ્રહ કરી વ્યાવસાયિક માર્ગદર્શન માટેનો ચાર્ટ બનાવી ધો.૧૦ના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપો.
૨૫. કોઈ શાળાના કોઈ વર્ગના સામાજિક પછાત વિદ્યાર્થીઓની સમસ્યાઓ પર નોંધ બનાવી તેઓને માર્ગદર્શન આપો.

**નોંધ :**

૧. ઉપર દર્શાવેલ પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યોની યાદી સૂચન તરીકેની છે તાલીમાર્થીઓ અધ્યાપકોના સર્જનાત્મક માર્ગદર્શન હેઠળ પોતાની રીતે નવા પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યો હાથ ધરી શકે છે.

## Reference :


1 Crow, I. D. and Grow A. (1962) An introduction to guidance : New Delhi.
2 Jones, A. J. Principles of Guidance sixth ed. Mcgraw fill, New York
3 Rao, S. N. : Counselling Psychology : Tata McGraw Hill, New Delhi.
4 Presricha : Guidance and Counselling in Indian Education New Delhi, NCERT, 1976.